**દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓમાં શિક્ષક/બાળક રેશીયો નક્કી કરવા બાબત...**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: **SJED/EAC/e-file/17/2025/2332/CHH Section**
સચિવાલય, ગાંધીનગર
તા. **E-sign** મુજબ.

**વંચાણે લીધા:-**

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૯૨/મુ.મ.૨૦ /છ, તા.૧૨/૦૮/૧૯૯૨.

(૨) શિક્ષણ મંત્રાલય, ભારત સરકારનો પત્ર ક્રમાંક: **3-5/2021-IS.I8**, તા.૧૦/૦૬/૨૦૨૨.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરનો તા.૩૦/૦૯/૨૦૨૫ નો પત્ર નં:- **DSD/ MGC/e-file/226/2025/0757/APG Branch.**

**<u>આમુખ:-</u>**

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૨/૦૮/૧૯૯૨ ના ઠરાવથી સમાજ સુરક્ષા હસ્તકની માન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ માટે નવા સહાયક અનુદાન નિયમ સંગ્રહ (ગ્રાંટ ઇન એઇડ કોડ-૧૯૯૨) અમલમાં મૂકવામાં આવેલ છે. આ ગ્રાન્ટ ઇન એઇડ કોડ-૧૯૯૨ હેઠળ દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે પ્રાયમરી ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ કાર્યરત છે. ગ્રાન્ટ ઇન એઇડ કોડ-૧૯૯૨ માં સદર દિવ્યાંગોની સંસ્થાઓ માટે શિક્ષક/બાળક રેશીયો નક્કી કરવામાં આવેલ છે. જે મુજબ દ્રષ્ટિહીન, મૂક બધિરની શાળાઓ માટે ૧૦ બાળક દીઠ ૦૧ મદદનીશ શિક્ષક, માનસિક ક્ષતિવાળા બાળકોની સંસ્થાઓમાં ૦૭ બાળક દીઠ ૦૧ મદદનીશ શિક્ષક અને શારીરિક ક્ષતિવાળા બાળકો માટેની સંસ્થાઓમાં ૩૦ બાળક દીઠ ૦૧ મદદનીશ શિક્ષક નક્કી થયેલ છે.

નામ. સુપ્રિમ કોર્ટના **W.P(C) 132/2016** માં તા.૨૮/૧૦/૨૦૨૧ ના ચુકાદા મુજબ દિવ્યાંગ બાળકોના શિક્ષકો સામાન્ય (સમ્મિલિત) સ્કુલો માટે વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા તા.૧૦/૦૬/૨૦૨૨ ના પત્રથી બાળક/શિક્ષક રેશીયો ધોરણ ૦૧ થી ૦૫ માટે ૧૦ બાળક દીઠ ૦૧ મદદનીશ શિક્ષક અને ધોરણ ૦૬ થી ૦૮ માટે ૧૫ બાળક દીઠ ૦૧ મદદનીશ શિક્ષક મુજબનો રેશીયો નક્કી કરવામાં આવેલ છે. નામ.સુપ્રિમકોર્ટના તા.૨૮/૧૦/૨૦૨૧ ના ચુકાદાથી ભારત સરકાર દ્વારા નક્કી કરેલ રેશીયા મુજબ દિવ્યાંગો માટેની શિક્ષકોની જગ્યાઓ સુનિશ્ચિત કરવા જણાવેલ હોઇ, દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓમાં શિક્ષક/બાળક રેશીયો નક્કી કરવા બાબત વંચાણે લીધેલ ક્રમાંક: (3) પરના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરના તા.૩૦/૦૯/૨૦૨૫ ના પત્રથી અત્રે કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તક દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓમાં ગ્રાન્ટ ઇન એઇડ કોડ-૧૯૯૨ માં પરિશિષ્ટના કોઠા-૫ મુજબ નક્કી થયેલ રેશીયાને બદલે ભારત સરકાર દ્વારા નક્કી કરેલ રેશીયા મુજબ દિવ્યાંગ બાળક-શિક્ષક રેશીયા નીચેના કોષ્ટકની વિગતે આથી મંજૂરી આપવામાં આવે છે. જે ધ્યાને લઈ,

સંબંધિત મહેકમમાં સુધારો કરવાનો હોય અથવા નાણાકીય જોગવાઈઓ કરવાની થતી હોય તો તે અંગે નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ દરખાસ્ત કરવાની રહેશે તથા સક્ષમ કક્ષાએથી મંજૂરી મેળવી લેવાની રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૨/૦૮/૧૯૯૨ ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

| રીહેબીલીટેશન કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા ચલાવવામાં આવતા સ્ટાન્ડર્ડ ટ્રેનિંગ પ્રોગ્રામ (સ્પે.ડિપ્લોમા/સ્પે.બી.એડ.) મુજબની દિવ્યાંગતા માટેના શિક્ષકો માટે નક્કી કરવાનો થતો બાળક-શિક્ષક રેશીયો | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | દિવ્યાંગતાનો પ્રકાર | GIA કોડ- ૧૯૯૨ મુજબનો હાલનો રેશીયો | ભારત સરકાર દ્વારા નક્કી કરેલ રેશીયો | સુધારા મુજબ રેશીયો |
| ૧ | દ્રષ્ટિહીન | ૧૦:૦૧ | ધો.૧ થી ૫ = ૧૦:૧<br>ધો.૬ થી ૮ = ૧૫:૧ | ધો.૧ થી ૫ = ૧૦:૧<br>ધો.૬ થી ૮ = ૧૫:૧ |
| ૨ | મૂક બધિર | ૧૦:૦૧ | ધો.૧ થી ૫ = ૧૦:૧<br>ધો.૬ થી ૮ = ૧૫:૧ | ધો.૧ થી ૫ = ૧૦:૧<br>ધો.૬ થી ૮ = ૧૫:૧ |
| નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તક ફક્ત માનસિક ક્ષતિ/બૌધ્ધિક અસમર્થતતા ધરાવતા દિવ્યાંગો માટેની સંસ્થાઓ કાર્યરત છે. આવા દિવ્યાંગોનું આઇ.ક્યુ. લેવલ ઓછું હોઈ આવા બાળકોને તેઓની દિવ્યાંગતાની તીવ્રતા મુજબ ગ્રુપ બનાવી વ્યવહારુ તાલીમ આપવામાં આવે છે. | | | | |
| ૩ | માનસિક ક્ષતિ/બૌધ્ધિક અસમર્થતતા | ૦૭:૧ | ધો.૧ થી ૫ = ૧૦:૧<br>ધો.૬ થી ૮ = ૧૫:૧ | પ્રોફાઉન્ડ/સીવીયર દિવ્યાંગ ગ્રુપ = ૧૦:૦૧<br>માઇલ્ડ/મોડરેટ દિવ્યાંગ ગૃહ = ૧૫:૦૧ |
| ૪ | સેરેબ્રલ પાલ્સી | - | ધો.૧ થી ૫ = ૧૦:૧<br>ધો.૬ થી ૮ = ૧૫:૧ | ધો.૧ થી ૫ = ૧૦:૧<br>ધો.૬ થી ૮ = ૧૫:૧ |
| ૫ | ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર | - | ધો.૧ થી ૫ = ૧૦:૧<br>ધો.૬ થી ૮ = ૧૫:૧ | ધો.૧ થી ૫ = ૧૦:૧<br>ધો.૬ થી ૮ = ૧૫:૧ |
| ૬ | બહુદિવ્યાંગતા (MD) | - | ધો.૧ થી ૫ = ૧૦:૧<br>ધો.૬ થી ૮ = ૧૫:૧ | ધો.૧ થી ૫ = ૧૦:૧<br>ધો.૬ થી ૮ = ૧૫:૧ |
| શારીરિક ક્ષતિ/લોકોમોટર ડીસેબિલિટી ધરાવતા બાળકોના શિક્ષકો માટે રીહેબીલીટેશન કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા સ્પે. કોર્સ (સ્પે.ડિપ્લોમાં/સ્પે.બી.એડ.) ચલાવવામાં આવતો નથી. સામાન્ય બાળકો માટેના શિક્ષકોને સંવેદના અને દિશાનિર્દેશો આપવામાં આવે છે. તેથી આવા બાળકો માટે ભારત સરકાર દ્વારા બાળક - શિક્ષક રેશીયો નક્કી કરેલ નથી. તેથી અગાઉ નક્કી કરેલ રેશીયાને યથાવત રાખવાનો રહે છે. | | | | |
| ૭ | શારિરીક ક્ષતિ/લોકોમોટર ડીસેબિલિટી | 30:૧ | - | 30:૧ |

ઉક્ત મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ પર સરકારશ્રીની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

E-sign
**(જીગર પટેલ)**
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (સા.ન્યા.) ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ નાણા વિભાગના તા.૨૭/૦૬/૨૦૨૩ ના ઠરાવ અનુસાર કાર્યવાહી કરવા સારૂ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર મારફત.)
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- છ-૧ શાખા/છ-૨ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૬.
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ-૨૦૨૬.

*Signature Not Verified*
*Signed by:Jigar Patel*
*Section Officer*
*Date:2026.07.18*
*11:23:52 +5:30*